# અમદાવાદના મહે.આઠમાં એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી અમદાવાદ શહેરની કોર્ટમાં.

## ફોજદારી કેસ નં. ૧૦૩૪૬૪/૨૦૨૪

ફરીયાદી : શ્રી સરકાર

વિરુધ્ધ

આરોપીઃ અરુણકુમાર મુકેશભાઈ પટણી

**ઠરાવ**

**૧.** સદર કામનું રેકર્ડ આજરોજ સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન હાથ ઉપર લઈ વંચાણે લીધુ. આ કામના આરોપી સામે ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટ કલમ–૧૭૭,૧૮૪,૧૮૧ મુજબનો ગુનો નોંધાતા આરોપી સામે હાલનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં આવતા આરોપીને સમન્સની બજવણી કરવામાં આવેલ અને ફોજદારી કાર્યરીતિ સંહિતાની કલમ–૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ છે.

**૨.** આરોપીની પ્લી લેતા આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે તેમજ તેઓએ અલગથી કબુલાત પુરસીસ પણ આપેલ છે અને વધુમાં જણાવેલ છે કે, આ તેમનો પ્રથમ ગુનો છે, ગુના બદલ તેઓને ઘણો જ પસ્તાવો છે, કાયદાની અજ્ઞાનતાને લીધેલ અજાણતાથી ગુનો થયેલ છે, તેથી ભવિષ્યમાં આવો ગુનો નહીં બને તેવી ખાત્રી અને ભરોસો આપી તેઓને હળવો દંડ કરવા અરજ ગુજારેલ છે.

**૩.** આરોપી ધ્વારા આપવામાં આવેલ કબુલાત સ્વૈચ્છીક હોવાનું ખરાઈ કરતા જણાઈ આવે છે તેમજ આરોપી રાજીખુશીથી ગુનો કબુલ કરતા હોવાનું પણ ફલીત થાય છે. આ તબકકે અત્રેની કોર્ટ નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં.૭૦૯ ઉપર પ્રસિધ્ધ થયેલ ચુકાદા ઉપર આધાર રાખે છે, જેમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લીધેલ છે. આ કામના આરોપી કુટું બ કબીલાવાળા છે, તેઓ કુટુંબના એકમાત્ર કમાનાર ઈસમ છે, તેઓનો આ પ્રથમ ગુનો છે, આરોપીની સામાજીક તેમજ આર્થિક પરીસ્થિતીને ધ્યાને લેતા તેમજ ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતોને ધ્યાને લેતા આરોપીને તકસીરવાન ઠરાવી યોગ્ય રકમનો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયી રહેશે તેવું અત્રેની કોર્ટનું નમ્રપણે માનવું છે. જેથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**–:: હુકમ ::–**

આ કામના આરોપીને બી.એન.એસ.એસ.કલમ–૨૭૫ (ઓલ્ડ ક્રી.પ્રો.કો.કલમ–૨૫૨)અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા મોટર વ્હીકલ એકટ કલમ–૧૭૭,૧૮૪,૧૮૧ મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી સંયુકતપણે **રૂપિયા.૨,૨૦૦/– (અંકે રૂપિયા બે હજાર બસો પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો આરોપીને **દિન–૦૭ (સાત)** ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે અને જો હુકમ કરવામાં આવેલ ન હોય તો અપીલ સમય વિત્યા બાદ તેના મુળ માલિકની ખરાઈ કરી કાયમ પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ સ્પે.સીટીગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૧૪/૯/૨૦૨૪

(પવનકુમાર એન.નવીન)
આઠમાં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ શહેર, (કોડ જીજે ૦૦૭૫૮